## Order Below Ex.1

(૧) હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદી હરસુખભાઈ લાલજીભાઈ ગાજીપરાનાઓએ ઈ.પી.કો.કલમ–૩૭૯ ના ગુના સબબની ફરીયાદ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે ફર્સ્ટ ગુ.ર.નં.૧૮૩/૨૦૧૭, ઈ.પી.કો.કલમ–૩૭૯ ના ગુના સબબથી નોંધી તપાસ કરનાર અમલદારને તપાસ સોંપતા તપાસ કરનાર અમલદારે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૩૭૯ ના ગુના સબબનું ચાર્જશીટ આ અદાલતમાં રજૂ કરેલ છે. વધુમાં સદરહું કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ઈ.પી.કો.કલમ–૩૭૯ મુજબનો ગુનો સમાધાન પાત્ર હોઈ આ કામના ફરીયાદીએ આ અદાલતમાં હાજર થઈ અને આંક–૦૬થી સમાધાન પુરસીસ આપી જણાવેલ છે કે, સદર કેસ તેઓ સમાધાનથી પુરો કરવા માંગે છે અને હવે તેઓને કોઈ તકરાર રહેતી નથી. જે આ સમાધાન પુરશીસથી તેઓએ કોર્ટમાં જાહેર કરેલ છે. વધુમાં તેઓને મુદામાલ મળી ગયેલ છે તેમ જણાવેલ છે.

(૨) ઉપરોકત હકીકતો ધ્યાને લીધી. આંક–૦૬ વાળી ફરીયાદીની પુરસીસ ધ્યાને લીધી તથા સમગ્ર પેપર્સ તથા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦ ધ્યાને લીધી. આરોપી વિરુધ્ધ હાલના કેસમાં ઈ.પી.કો.કલમ–૩૭૯ ના ગુનાનું તહોમત છે તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦(૧) સાથે વંચાણે લેતાં ચોરાયેલ મિલ્કતનો માલીક સમાધાન કરી શકે તેવી જોગવાઈ છે. આમ, ઈ.પી.કો.ક.–૩૭૯ નો ગુનો સમાધાનપાત્ર છે. વધુમાં આ અદાલતનું માનવું છે કે, સમાધાન લાયક ગુનામાં આરોપીની ગેરહાજરીમાં પણ ફરીયાદી અને અથવા ચોરાયેલ મિલ્કતનો માલીક સમાધાન કરી શકે છે. હાથ ઉપરના કેસમાં ચોરાયેલ મિલ્કતના માલીક ફરીયાદી

હરસુખભાઈ લાલજીભાઈ ગાજીપરાને પુછતાં સમાધાન સ્વૈચ્છિક જણાઈ આવે છે અને તેથી સમાધાન સ્વૈચ્છિક હોવાથી રેકર્ડ ઉપર નોંધી આરોપીને તેઓની સામેના ઈ.પી.કો.કલમ–૩૭૯ ના ગુનાના તહોમતમાંથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવો ન્યાયોચિત જણાય આવે છે અને તેથી હાલની આંક–૦૬ની અરજી આધારે આરોપી (૧)મહેન્દ્ર ઉર્ફે રાજુ તુલશીભાઈ વાઘેલાનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે સદરહું ગુનાના કામમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે લેવાયેલ મુદામાલ વાહન અંગે અગાઉ વચગાળાના તબકકે થયેલ હુકમ અપિલ સમય વિત્યે બિનશરતી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ માહે.ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧–૦૨–૨૦૨૩.
રાજકોટ.

(પી.એસ.સિન્ધી)
૧૬માં એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ
રાજકોટ.
(કોડ નં.જી.જે.૦૦૯૮૨)